લાલપુરનામ્હે.શ્રી જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.લાલપુર.

ફો.કેસ.નં.૧૯૬૩/૨૦૨૨

આંક–

શ્રી સરકાર... ........ફરીયાદી.

વિ.

ગોવિંદ ગોપાલભાઈ નકુમ ........ આરોપી.

બાબતઃ– ભારતીય ફોજદારી ધારાની કલમ ૨૮૩ મુજબ...

–::: **ચૂ કા દો** :::–

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ભયજનક રીતે ટ્રાફીકને અડચણ થાય તેવુ કૃત્ય કરી આઈ.પી.સી. કલમ–૨૮૩ મુજબનો ગુન્હો કરેલ છે, આ કામે પુરતો પુરાવો હોય, આરોપી સામે સદર ગુના અન્વયેની ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

(૨) આરોપી આજ રોજ હાજર થતા તેની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે અને આરોપીએ પોતાનો ગુનો કબુલ રાખેલ છે, તેમજ સદર આરોપીને પોતાની સામેનો ગુનો પોતાને કબુલ છે જે અંગે અલગથી ગુન્હા કબુલત પુરશીશ પણ રજુ કરતાં, સદર આરોપીએ સદર ગુન્હો સ્વખુશ થી કબુલ કરેલ છે, જેથી સદર આરોપીની આ કબુલાત ન માનવાને કોઈ કારણ નથી, જેથી આરોપીને થયેલ ભુલ બદલ તેઓ પસ્તાવો વ્યકત કરી હવે પછી આવી ભુલ નહીં થાય તેવી ખાતરી આપે છે, તેમજ રૂબરૂ કરેલ રજૂઆત ધ્યાને લઈ તથા તે ઉપરાંત હાલના કેસમાં કોર્ટ દવારા નામદાર ગુજરાત હાઈકોર્ટે ૨૦૦૫(૧) જી.એલ.આર.૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરિચન્દ્રજી ઠાકોરના કેસનો ચુકાદો ધ્યાને લઈ તથા આરોપીના સંજોગો ધ્યાને લેતા તેઓ ગરીબ

વર્ગના વ્યકિત હોય, આરોપીની હળવી સજા કરવા પુરતુ વ્યાજબી કારણ જણાંતુ હોય, ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ મુજબ ઈન્ડીયન પીનલ કોડ ની કલમ– ૨૮૩ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂા.૧૦૦/– (અંકે રૂપિયા એકસો પુરા) નો દંડ કરવાનો હેકમ કરવામાં આવે છે, જો આરોપી દંડ ની રકમ ન ભરે તો દિન–૧ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

આ હુકમ આજરોજ તા.૦૭ મી માહે ઓકટોબર ને ૨૦૨૨ના રોજ ખુલ્લી અદાલતમાં, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૭/૧૦/૨૦૨૨.
સ્થળ : લાલપુર.

**(ડી.એમ.બાવીશી )**
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.,
લાલપુર.